# સત્સંગ પરીક્ષા જ્ઞાનમાર્ગ પેમ્ફલેટ-2023

**1. સ્વામિનારાયણ ભગવાનની સ્વરૂપનિષ્ઠાના છ પાયા.**

⇒ ૧. સ્વામિનારાયણ ભગવાન એ જ એકમાત્ર સનાતન ભગવાન છે.
૨. સ્વામિનારાયણ ભગવાનને અન્વય-વ્યતિરેકપણે સર્વોપરી સમજવા.
૩. સ્વામિનારાયણ ભગવાન સદાય પ્રગટ અને પ્રત્યક્ષ છે.
૪. સ્વામિનારાયણ ભગવાન સદાય અંતર્યામી છે.
૫. સ્વામિનારાયણ ભગવાન સદાય દિવ્ય અને સદાય સાકાર છે.
૬. સ્વામિનારાયણ ભગવાન સર્વ કર્તા-હર્તા છે.

**2. શ્રીજીમહારાજને સર્વોપરી સમજવા માટે કયા પાંચ પ્રશ્નો સમજવા પડે ?**

⇒ શ્રીજીમહારાજને સર્વોપરી જેમ છે તેમ સમજવા માટે નીચેના પાંચ પ્રશ્નો સમજવા પડે.
૧. શ્રીજીમહારાજનું વ્યતિરેક સ્વરૂપ એટલે શું ?
૨. અક્ષરધામ એટલે શું ?
૩. શ્રીજીમહારાજનું અન્વય સ્વરૂપ એટલે શું ?
૪. શ્રીજીમહારાજના વ્યતિરેક સ્વરૂપનો સંબંધ કોને કોને છે ?
૫. શ્રીજીમહારાજના અન્વય સ્વરૂપનો સંબંધ કોને કોને છે ?

**3. શ્રીજીમહારાજનું વ્યતિરેક સ્વરૂપ એટલે શું ?**

⇒ શ્રીજીમહારાજની દિવ્યાતિદિવ્ય તેજોમય મૂર્તિને કહેવાય વ્યતિરેક સ્વરૂપ. ટૂંકમાં, શ્રીજીમહારાજની કોઈપણ પ્રકારની મૂર્તિ એ જ વ્યતિરેક સ્વરૂપ.

**4. અક્ષરધામ કોને કહેવાય ?**

⇒ શ્રીજીમહારાજની મૂર્તિમાંથી નીકળતો અધોઊર્ધ્વ, ચારે કોરે પ્રમાણે રહિત તેજનો સમૂહને તેને કહેવાય અક્ષરધામ. જે શ્રીજીમહારાજને રહ્યાનું ધામ છે. આમ, અક્ષરધામ એ કોઈ સ્થાનવાચક, સ્થળવાચક કે વ્યક્તિવાચક શબ્દ નથી.

**5. શ્રીજીમહારાજનું અન્વય સ્વરૂપ એટલે શું ?**

⇒ શ્રીજીમહારાજની મૂર્તિમાંથી નીકળતા તેજના સમૂહની અનંત કિરણોમાંની માત્ર એક કિરણને તેને કહેવાય અન્વય સ્વરૂપ.

**6. શ્રીજીમહારાજના વ્યતિરેક સ્વરૂપનો સંબંધ કોને કોને છે ?**

⇒ શ્રીજીમહારાજની વ્યતિરેક મૂર્તિનો સીધો-સાક્ષાત સંબંધ પામેલા ચાર વર્ગના છે. જેમાં, ૧) અનાદિમુક્ત ૨) પરમએકાંતિક મુક્ત ૩) એકાંતિક ભક્ત ૪) ચાલોચાલ ભક્ત છે. આ ચારેય વર્ગવાળા અનંતાનંત છે.

જેમાં, ચાલોચાલ અને એકાંતિક બે ભક્ત સંજ્ઞામાં છે, એટલે કે સાધન દશામાં છે. અને પરમએકાંતિક અને અનાદિ એ બે મુક્તસંજ્ઞામાં એટલે કે સિદ્ધદશામાં છે.

આ ચારેય વર્ગવાળાને શ્રીજીમહારાજનો વ્યતિરેક સંબંધ છે એવું કહેવાય, પણ ચારેયના સુખમાં ફેર છે. એટલે કે ચારેય શ્રીજીમહારાજના દીકરા છે પણ પાત્રતામાં અને સ્થિતિમાં ફેર છે.

ટૂંકમાં, શ્રીજીમહારાજના વ્યતિરેક સ્વરૂપનો સંબંધ ચાર વર્ગનાને છે.

- અનાદિમુક્ત, પરમએકાંતિક મુક્ત - **સિદ્ધદશામાં છે**
- એકાંતિક ભક્ત, ચાલોચાલ ભક્ત - **સાધન દશામાં છે**

**7. અન્વય સ્વરૂપનો સંબંધ કોને કોને છે અને કેવી રીતે ?**

⇒ શ્રીજીમહારાજની મૂર્તિમાંથી નીકળતા તેજની અનંત કિરણોમાંની એક કિરણ એટલે કે અન્વય સ્વરૂપનો સંબંધ અનંત અક્ષરોને જ છે. આવા અનંત અક્ષરો પૈકીનાં માત્ર એક અક્ષરની અનંત કિરણોમાંની એક કિરણમાં અનંત વાસુદેવબ્રહ્મ રહ્યા છે .

આવા અનંત વાસુદેવબ્રહ્મ પૈકીનાં માત્ર એક વાસુદેવબ્રહ્મની તેજની અનંત કિરણોમાંની એક કિરણમાં અનંત મૂળપુરુષ રહ્યા છે. તેમાંના એક મૂળપુરુષની અનંત કિરણમાંની એક કિરણમાં અનંત પ્રધાનપુરુષ રહ્યા છે.

હવે પ્રધાનપુરુષ માયામાં છે આથી તેમને તેજ નથી. આથી હવે 'તેથી નીચે' એમ કહેવાય. માટે પ્રધાનપુરુષથી નીચે અનંત મહતત્વ છે. એથી નીચે અનંત અહંકાર છે. આ અહંકારથી નીચે વૈરાજનારાયણ છે. એથી નીચે ત્રિલોકી છે. એથી નીચે ઈન્દ્રાદિક દેવતાઓ છે. એથી નીચે જગતના જીવપ્રાણીમાત્ર છે.

આ સર્વે શ્રીજીમહારાજની એક કિરણની સત્તાથી ઉત્તરોત્તર થયા છે અને એના જ આધારે રહ્યા છે. આ સર્વેને શ્રીજીમહારાજના અન્વય સ્વરૂપનો ઉત્તરોત્તર સંબંધ છે પણ સાક્ષાત વ્યતિરેક સંબંધ નથી.

આવો, હજુ વ્યવસ્થિત રીતે સમજવા માટે નીચે મુજબ સમજીએ.

શ્રીજીમહારાજ
↓ .......... તેજની એક કિરણ
અનંત અક્ષર
↓ .......... એક અક્ષરની એક કિરણ
અનંત વાસુદેવબ્રહ્મ

↓.......... એક વાસુદેવબ્રહ્મની એક કિરણ

અનંત મૂળપુરુષ

↓ .......... એક મૂળપુરુષની એક કિરણ

અનંત પ્રધાનપુરુષ

↓

અનંત મહતત્વ

↓

અનંત અહંકાર

↓

અનંત વૈરાજનારાયણ

↓

અનંત ત્રિલોકી

↓

અનંત ઈન્દ્રાદિક ગણ

↓

જગતના જીવ પ્રાણીમાત્ર

આ સર્વેને શ્રીજીમહારાજના અન્વય સ્વરૂપનો ઉત્તરોત્તર સંબંધ છે.

**8. ચાલોચાલ ભક્ત કોને કહેવાય ?**

⇒ શ્રીજીમહારાજને જેમ છે તેમ અન્વય-વ્યતિરેકપણે સર્વોપરી સમજતા હોય અને શ્રીજીમહારાજે કહેલા પંચવર્તમાન યથાર્થ પાળતા હોય અને પોતાને દેહરૂપે માનતા હોય તેમને ચાલોચાલ ભક્ત કહેવાય.

**9. એકાંતિક ભક્ત કોને કહેવાય ?**

⇒ શ્રીજીમહારાજને જેમ છે તેમ અન્વય-વ્યતિરેકપણે સર્વોપરી સમજતા હોય, પંચવર્તમાન પૂરેપૂરા પાળતા હોય, શ્રીજીમહારાજ સિવાય બીજી કોઈ વાસના ન હોય અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ આ ચાર સાધન જેમણે સિદ્ધ કર્યા હોય તથા પોતાના આત્માને બ્રહ્મરૂપ (શ્રીજીમહારાજના તેજરૂપ) માનીને શ્રીજીમહારાજનું ધ્યાન-ભજન કરે તેમને એકાંતિક ભક્ત કહેવાય.

**10. એકાંતિક ભક્ત માટે વપરાતાં અન્ય નામ કયાં કયાં છે ?**

⇒ તેમના માટે એકાંતિક ભક્ત, અનન્ય ભક્ત, પરમ ભાગવત, જીવનમુક્ત અને જ્ઞાની ભક્ત એવાં નામથી સંબોધન થાય છે.

**11. પરમ એકાંતિક મુક્ત કોને કહેવાય ?**

⇒ શ્રીજીમહારાજની મૂર્તિની સાથે અંગોઅંગ પ્રત્યે પુરુષોત્તમરૂપ થઈ શ્રીજીમહારાજની મૂર્તિની બહાર રહી, અંગોઅંગ મૂર્તિનું સુખ ભોગવતા હોય તેવા મુક્તને પરમએકાંતિક મુક્ત કહેવાય.

**12. પરમ એકાંતિકમુક્ત માટે વપરાતાં અન્ય નામ કયા કયા છે ?**

⇒ તેમના માટે પરમ એકાંતિકમુક્ત, મહામુક્ત, વિદેહીમુક્ત એવાં નામથી સંબોધન થાય છે.

**13. અનાદિમુક્ત કોને કહેવાય ?**

⇒ શ્રીજીમહારાજની મૂર્તિ સાથે રોમરોમ પ્રત્યે પુરુષોત્તમરૂપ થઈ, શ્રીજીમહારાજની મૂર્તિની અંદર-બહાર રહીને સમગ્ર મૂર્તિનું સુખ ભોગવતા મુક્તને અનાદિમુક્ત કહેવાય.

**14. અનાદિમુક્ત માટે વપરાતા અન્ય નામ કયા કયા છે ?**

⇒ તેમના માટે અનાદિમુક્ત, સર્વાત્માબ્રહ્મ, કૈવલ્યમુક્ત, નિત્યમુક્ત એવાં નામથી સંબોધન થાય છે.

**15. પરમએકાંતિક મુક્ત અને અનાદિમુક્ત વચ્ચે શું તફાવત છે ?**

| | **પરમ એકાંતિકમુક્ત** | | **અનાદિમુક્ત** |
|---|---|---|---|
| ૧. | તેઓ શ્રીજીમહારાજની મૂર્તિના આધારે મૂર્તિની બહાર રહ્યા છે. | ૧. | તેઓ શ્રીજીમહારાજની મૂર્તિની (અંદર-બહાર) રહ્યા છે. |
| ૨. | તેઓ મૂર્તિનું અંગોઅંગનું સુખ લે છે. | ૨. | તેઓ મૂર્તિનું રોમરોમનું સુખ લે છે. |
| ૩. | તેઓ એકદેશી પુરુષોત્તમરૂપ છે. તથા શ્રીજીમહારાજનું એકદેશી સાધર્મ્યપણું પામ્યા છે. | ૩. | તેઓ સર્વદેશી પુરુષોત્તમરૂપ છે. તથા શ્રીજીમહારાજનું સર્વદેશી સાધર્મ્યપણું પામ્યા છે. |
| ૪. | તેઓ અંગોઅંગ પ્રત્યે પુરુષોત્તમરૂપ છે. | ૪. | તેઓ રોમ રોમ પ્રત્યે પુરુષોત્તમરૂપ છે. |
| ૫. | તેઓ ઝાડની ફરતે છાલ છે તેમ બહારથી પુરુષોત્તમરૂપ છે. જેમ કે, સોનાનો ઢોળ ચડાવેલ કળશ. | ૫. | તેઓ ઝાડમાં જેમ રસ રહ્યો છે તેમ માંહી-બહાર પુરુષોત્તમરૂપ છે. જેમ કે, આખો સોનાનો કળશ. |
| ૬. | તેમનું સુખ અનાદિમુક્તની સરખામણીમાં બિંદુને ઠેકાણે છે. | ૬. | તેમનું સુખ સિંધુને ઠેકાણે છે. |
| ૭. | સાધનદશામાં પોતાના આત્માને બ્રહ્મરૂપ માને તે પરમએકાંતિક થાય છે. | ૭. | સાધનદશામાં પોતાના આત્માને પુરુષોત્તમરૂપ માને તે અનાદિમુક્ત થાય છે. |

| | |
|---|---|
| ૮. તેમની સ્થિતિ અધૂરી છે. | ૮. તેમની સ્થિતિ પૂરી છે. |
| ૯. તેમની સ્થિતિ પરિવર્તનશીલ છે. | ૯. તેમની સ્થિતિ કાયમી છે. |
| ૧૦. તેમને અનાદિમુક્તની સ્થિતિ હજુ બાકી રહે છે. | ૧૦. સેવકભાવમાં છેલ્લી સ્થિતિ છે. |

**16. પ્રગટપણાની છ માનીનતાઓ લખો.**

⇒ ૧) શ્રીજીમહારાજ સંવત ૧૮૩૭માં પંચભૂતનો દેહ ધરી અક્ષરધામમાંથી અહીં આવ્યા અને સંવત ૧૮૮૬માં પંચભુતનો દેહ મુકી સ્વધામ પધાર્યા, અત્યારે મહારાજ અહીં નથી. અધ્ધર અક્ષરધામમાં છે.- આ માનીનતા તદ્દન ખોટી છે.

૨) શ્રીજીમહારાજ ગુરુરૂપે, સંતરૂપે કે કોઈ વ્યક્તિરૂપે પ્રગટ છે.- આ માનીનતા પણ ખોટી છે કારણ કે સ્વામિનારાયણ ભગવાન સનાતન ભગવાન છે તેથી કોઈ ભગવાન બની ન શકે.

૩) અક્ષરધામની મૂર્તિ, મનુષ્યરૂપ મૂર્તિ અને પ્રતિમા સ્વરૂપની મૂર્તિ આ ત્રણેયમાં રોમમાત્રનો ફેર નથી.- આ માનીનતા અધૂરી છે.

૪) શ્રીજીમહારાજ સદાય પ્રતિમા સ્વરૂપે પ્રગટ અને પ્રત્યક્ષ છે, દિવ્ય તેજોમય છે, સદાય અક્ષરધામમાં જ છે. પ્રત્યક્ષપણે નિશ્ચય (ઉપાસના માટે) (કારણ સત્સંગના પ્રારંભની માનીનતા છે.)

૫) સદાય પ્રગટ છે હરિ મુજ સાથે (શ્રીજીમહારાજ દિવ્યરૂપે સદાય પ્રગટ છે.) - અંતદ્રષ્ટિ-અંતર્યામીપણું-પ્રગટપણું દ્રઢ કરવા માટે આ માનીનતા છે.

૬) પ્રતિલોમભાવે મહારાજ જ છે. - મૂર્તિનું સુખ લેવા માટે આ માનીનતા છે.

**17. સર્વોપરી શબ્દનો શબ્દાર્થ સમજાવો.**

⇒ સર્વોપરી શબ્દનો શબ્દાર્થ સમજીએ તો સર્વોપરી શબ્દ સંધિયુક્ત શબ્દ છે. જેમાં સર્વ + ઉપરી = સર્વોપરી. આમાં એક શબ્દ બહુવચન છે અને એક શબ્દ એકવચન છે. 'સર્વ' શબ્દ બહુવચન છે અને 'ઉપરી' શબ્દ એકવચન છે જે કેવળ શ્રીજીમહારાજ માટે જ વપરાયો છે. 'સર્વ' શબ્દ વાપર્યો એમાં કોણ કોણ આવી જાય ? તો, એક શ્રીજીમહારાજ સિવાય બધાય. એટલે કે શ્રીજીમહારાજ સર્વના ઉપરી છે. અર્થાત્ શ્રીજીમહારાજ સર્વેથી મોટા છે આવું સમજીએ તો 'સર્વોપરી' શબ્દનો શબ્દાર્થ સમજ્યા કહેવાય.

**18. સર્વોપરી શબ્દનો સૈદ્ધાંતિક અર્થ સમજાવો.**

⇒ અન્વયની લાઇનવાળા અનંત અક્ષરોથી લઈને જીવ-પ્રાણીમાત્ર સુધીના શ્રીજીમહારાજની અન્વય શક્તિની સત્તાથી ઉત્તરોત્તર થયા છે અને એના આધારે જ રહ્યા છે. માટે અન્વય સ્વરૂપના સંબંધવાળાના શ્રીજીમહારાજ અન્વય શક્તિ દ્વારા ઉપરી છે. જ્યારે વ્યતિરેક સ્વરૂપના સંબંધવાળા શ્રીજીમહારાજના વ્યતિરેક સંબંધે કરીને થયા છે અને એના આધારે જ રહ્યા છે. માટે વ્યતિરેક સ્વરૂપના સંબંધવાળાના શ્રીજીમહારાજ વ્યતિરેક સ્વરૂપે સીધા કારણ અને ઉપરી છે. આવી રીતે સમજીએ ત્યારે શ્રીજીમહારાજને યથાર્થ સર્વોપરી જાણ્યા કહેવાય.

**19. શ્રીજીમહારાજને પ્રગટ અને પ્રત્યક્ષ જાણ્યા ક્યારે કહેવાય ?**

⇒ શ્રીજીમહારાજ મનુષ્યને મનુષ્ય જેવા દેખાયા ત્યારે જ પ્રગટ થયા એવું નથી. શ્રીજીમહારાજ તો સદાય પ્રગટ, પ્રગટ ને પ્રગટ જ છે. પરંતુ આ બ્રહ્માંડ માટે સંવત ૧૮૩૭થી શ્રીજીમહારાજ મનુષ્યને મનુષ્ય જેવા દેખાયા. જેથી આ બ્રહ્માંડ માટે શ્રીજીમહારાજ સંવત ૧૮૩૭થી પ્રગટ છે એવું કહેવાય પરંતુ શ્રીજીમહારાજ તો છે, છે ને છે જ એટલે કે શ્રીજીમહારાજ સદાય પ્રગટ જ છે. વળી, અત્યારે શ્રીજીમહારાજ મનુષ્યને મૂર્તિ સ્વરૂપે અર્થાત્ પ્રતિમા સ્વરૂપે દર્શન આપે છે. આ પ્રતિમા સ્વરૂપ મૂર્તિ ચર્મચક્ષુએ દેખાય છે ફોટો, આરસ કે પ્રતિમા પણ તે ફોટો કે આરસ કે પ્રતિમા નથી. તેઓ તો સાક્ષાત જ છે, પ્રગટ જ છે, સદાય તેજના સમૂહમાં જ છે અર્થાત અક્ષરધામમાં જ છે. આવો દિવ્યભાવ મૂર્તિને વિષે સમજવો એ જ શ્રીજીમહારાજને પ્રગટ-પ્રત્યક્ષ જાણ્યા કહેવાય.

**20. પરોક્ષપણે નિશ્ચય કર્યો કોને કહેવાય ?**

⇒ શ્રીજીમહારાજે સંવત ૧૮૩૭માં પંચભૂતનો દેહ ધર્યો અને સંવત ૧૮૮૬માં દેહનો ત્યાગ કર્યો અર્થાત્ અંતર્ધ્યાન થયા. હવે મહારાજ અધ્ધર અક્ષરધામમાં છે પણ અહીં નથી. આમ, અક્ષરધામની મૂર્તિ અને મનુષ્યરૂપ કે પ્રતિમા સ્વરૂપ મૂર્તિ આ ત્રણ સ્વરૂપ જુદાં મનાય અને હજુ મરીને ધામમાં જવાનું છે એવું અપૂર્ણપણું રહે તથા તેજોમય સ્વરૂપ જોવાની ઇચ્છા રહે તે જ પરોક્ષપણે નિશ્ચય કહેવાય.

**21. પ્રત્યક્ષપણે નિશ્ચય કર્યો કોને કહેવાય ?**

⇒ હું જે શ્રીજીમહારાજની મૂર્તિનાં દર્શન કરું છું એ સ્વરૂપ અક્ષરધામ જ છે. વળી, આ મૂર્તિને વિષે જ અનંત મુક્તો, ઐશ્વર્ય, લાવણ્યતા, તેજ અને અનંત કલ્યાણકારી ગુણો છે. માટે આ સ્વરૂપ પરભાવમાં જ છે અને મને એ સ્વરૂપ સાક્ષાત મળ્યું છે. આવી જે સમજણ દ્રઢ થાય તેને મૂર્તિને વિષે પ્રત્યક્ષપણે નિશ્ચય કર્યો કહેવાય.

**22. પ્રાપ્તિ એટલે શું ? અને સ્થિતિ એટલે શું ?**

⇒ •પ્રાપ્તિ એટલે પ્રાપ્ત થવું. • સ્થિતિ એટલે પૂર્ણતા.

લૌકિક ઉદાહરણ દ્વારા પ્રાપ્તિ અને સ્થિતિ સમજીએ...

•ભોજન ડિશમાં આવ્યું તે પ્રાપ્તિ

• ભોજન જમાડયું કહેતાં ભોજન સાથે પ્રતિલોમપણું કેળવીએ ત્યારે સંતોષ મળે છે તે સ્થિતિ.





• ખુરશી મળી તે પ્રાપ્તિ



• ખુરશીમાં બેઠા કહેતા ખુરશી સાથે પ્રતિલોમપણું કેળવવું તે સ્થિતિ



- એમ, જ્યારથી મોટાપુરુષ મળ્યા, વર્તમાન ધરાવ્યા ને અનાદિમુક્તના કોલ આપ્યા તે પ્રાપ્તિ.
- મોટાપુરુષે વર્તમાન ધરાવી અનાદિમુક્ત કર્યા તે પ્રાપ્તિ છે; સ્થિતિ નથી. પ્રાપ્તિ પૂરી કરાવી પરંતુ સ્થિતિ હજી અધુરી છે.
- મોટાપુરુષે વર્તમાન ધરાવી અનાદિમુક્ત કર્યા પછી તેમના વચનમાં વિશ્વાસ કેળવી હું દેહધારી નથી, હું અનાદિમુક્ત જ છું, મૂર્તિમાં જ છું, મહારાજ જ છે તે લટકમાં અખંડ વર્તવાથી અનાદિમુક્તની સ્થિતિ થાય.
- રોમરોમપણે મહારાજ સાથે એકતા કેળવવી તેનું નામ સ્થિતિ. પ્રાપ્તિ પછીનું સ્ટેપ સ્થિતિ છે પરંતુ પ્રાપ્તિ એ જ સ્થિતિ નથી.

**23. આપણો જીવનધ્યેય શું હોવો જોઈએ ?**

⇒ અવરભાવનો ધ્યેય - આ દેહે કરીને મારે મહારાજ અને ગુરુજીને અંતરથી રાજી કરી જ લેવા છે તો એ માટે જેમાં રાજીપો હોય તે કરવાનું ને જેમાં રાજીપો ન હોય તે નહિ જ કરવાનું.

- પરભાવનો ધ્યેય - મારે છતે દેહે અનાદિમુક્તની સ્થિતિ પામવી જ છે. એટલે કે છતે દેહે મૂર્તિસુખના અધિકારી થવું જ છે.

**24. સિદ્ધાંત એટલે શું ?**

⇒ કરી કરીને અંતે જે સિદ્ધ કરવાનું છે તેને કહેવાય સિદ્ધાંત એટલે કે જે આપણું મિશન, ગોલ, લક્ષ્ય, ધ્યેય તેને કહેવાય સિદ્ધાંત.

- મંદિરો કરીને, માળા, ધ્યાન, સમૈયા કરીને આ જ સિદ્ધ કરવાનું છે. સિદ્ધાંત એ સંસ્થાનું સેન્ટર પોઈન્ટ છે. સમૈયા, ઉત્સવ, વ્યવહાર કરવાના પણ સિદ્ધાંતને ચૂકીને નહિ.
- દા.ત. : જેમ શેઠ કોઈપણ ધંધો કરે તો તેમનો ગોલ નફો છે. એમ આપણો ગોલ સિદ્ધાંત સુત્ર છે. સંસ્થાની કે સ્વવિકાસની કોઈપણ પ્રવૃત્તિ કરીએ તો આપણી નજર સિદ્ધાંતસુત્ર તરફ હોવી જોઈએ.

**25. સિદ્ધાંતસુત્ર એટલે શું ?**

⇒ કરી કરીને અંતે જે સિદ્ધ કરવાનું છે તે સિદ્ધાંતનો સમન્વય કરતું સુત્ર એટલે સિદ્ધાંતસુત્ર.

**26. આપણું સિદ્ધાંતસુત્ર ક્યું છે ?**

⇒ "સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના દ્રઢ કરી, અનાદિમુક્તની સ્થિતિ પામવી એ જ કારણ સત્સંગ"

**27. SMVSનું સિદ્ધાંતસુત્ર એટલે શું?**

⇒ SMVS સંસ્થા જે સિદ્ધાંત પર રચાયેલી છે એટલે કે SMVS સંસ્થાની સ્થાપના જે હેતુ માટે થઈ છે જે કાર્ય કરવા માટે આ સંસ્થા રચાઈ છે તે સિદ્ધાંતને દર્શાવતું સૂત્ર એટલે SMVSનું સિદ્ધાંતસુત્ર 'સર્વોપરી ઉપાસના દ્રઢ કરી અનાદિમુક્તની સ્થિતિ પામવી' આ જ મિશન માટે SMVS સંસ્થા છે. SMVSનું સિદ્ધાંતસુત્ર એ સંસ્થાનો આત્મા છે.

**28. સિદ્ધાંતસુત્રના બે મુખ્ય ભાગ ક્યા ક્યા છે ? તે લખો અને સમજાવો.**

⇒ ૧) સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના દ્રઢ કરવી.
૨) અનાદિમુક્તની સ્થિતિ પામવી.

સત્સંગમાં આવ્યા બાદ શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના દ્રઢ કરવી ફરજિયાત છે તો જ મહારાજનો વ્યતિરેક સંબંધ થાય ત્યારબાદ અનાદિમુક્તની સ્થિતિ પામવી એ આપણું અંતિમ લક્ષ્ય છે ત્યાં સુધી પહોંચવા માટે શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના દ્રઢ કરવી ફરજીયાત છે. ઉપાસના દ્રઢ કર્યા વિના અનાદિમુક્તની સ્થિતિ તરફ પ્રયાણ જ ન થાય. ઉપાસના દ્રઢ કર્યા બાદ પુરુ થઈ જતું નથી પરંતુ મુમુક્ષુએ ફરજીયાત અનાદિમુક્તની સ્થિતિ પામવાનો લક્ષ નક્કી કરવો પડે.

દા.ત - 'સુરત થઈને મુંબઈ જવાનું છે' આ વાક્ય પરથી મુખ્ય ત્રણ બાબતો ફલિત થાય છેઃ

૧) મુંબઈ જવું એ લક્ષ્ય છે.
૨) સુરત થઈને જ મુંબઈ જવાનું છે, મુંબઈ જવા માટે પ્રથમ સુરત જવું ફરજીયાત છે.
૩) સુરત જઈને બેસી રહેવાનું નથી.

**29. SMVSનું સિદ્ધાંતસુત્ર સાકાર ક્યારે થાય ?**

⇒ SMVSનું સિદ્ધાંસુત્ર જ્યારે 'મારું સિદ્ધાંતસુત્ર' થાય ત્યારે SMVSનું સિદ્ધાંતસુત્ર સાકાર થાય.
SMVS એટલે 'હું'. આપણા એક એકના સરવાળાથી SMVS સંસ્થા બને છે. આ સિદ્ધાંતસુત્રને સાકાર કરવું હશે તો SMVSના દરેક સભ્યએ સિદ્ધાંતસુત્ર મારું છે એવું સમજવું પડશે. આપણા બધાના વ્યક્તિગત પ્રયત્નોથી જ SMVSનું સિદ્ધાંતસુત્ર સાકાર થશે.

- દા.ત. : સ્કુલમાં પ્રિન્સિપાલ જાહેર કરે કે મારે ૧૦૦ ટકા પરિણામ લાવવું છે આ શક્ય ક્યારે બને ? તો સ્કુલના શિક્ષક, પટ્ટાવાળા, દરેક વિદ્યાર્થીઓ, દરેક વાલીઓ અને સ્કુલની મેનેજમેન્ટ ટીમનો આ સંકલ્પ બને કે ૧૦૦ ટકા રિઝલ્ટ લાવવું જ છે તો જ ૧૦૦ ટકા રિઝલ્ટ આવશે. આમાંથી કોઈપણ એક વ્યક્તિનો પણ સંકલ્પ ઢીલો હોય તો ૧૦૦ ટકા પરિણામ નહિ આવે.

**30. સિદ્ધાંતસુત્ર આપણું જીવનસુત્ર બની જવું જોઈએ. અર્થ સમજાવો.**

⇒ SMVSનું સિદ્ધાંતસુત્ર જ્યારે 'મારું' જીવનસુત્ર બની જાય ત્યારે જ SMVSનું સિદ્ધાંતસુત્ર દ્રઢ થાય. 'મારું' જીવનસુત્ર એટલે મારા જીવનનો આ જ ધ્યેય છે તેવું નિરુત્થાનપણે નક્કી કરી દેવું. 'પંચવિષયના સુખ ભોગવવાં, રૂપિયા કમાવવાં, લૌકિક ને ભૌતિકસુખો ભોગવવા, મનોરંજન કરવા...' આ બધા માટે મારો જન્મ નથી, એક અને માત્ર એક અનાદિમુક્તની સ્થિતિ પામવી એના માટે જ મારો જન્મ છે. આવો જીવનધ્યેય પ્રબળ બને ત્યારે જ SMVSનું સિદ્ધાંતસુત્ર મારું જીવનસુત્ર બન્યું કહેવાય.

**31. આ સિદ્ધાંતસુત્ર આપણા સૌના રગેરગમાં શા માટે દ્રઢ હોવું જોઈએ ?**

⇒ જો આ સિદ્ધાંતસુત્ર આપણા સૌની રગેરગમાં દ્રઢ નહિ હોય તો ભવિષ્યમાં બે મોટા નુકશાન થવાની સંભાવના છે.

**૧) વ્યક્તિગત નુકશાન -** દિવ્ય કારણ સત્સંગની પ્રાપ્તિ થઈ હોવા છતાં અનાદિમુક્ત સ્થિતિ પામવા માટેના કોઈ પ્રયત્ન ન કરીએ તો જરૂર મૂર્તિના સુખથી વંચિત રહી જવાશે. આપણો મૂર્તિસુખ તરફ જવાના માર્ગ (ધ્યેય) બદલાઈ જશે. એટલું જ નહિ, દેહભાવના યોગે કરીને આત્યાંતિક કલ્યાણના માર્ગમાંથી પણ પડી જવાય. આ સિદ્ધાંતસુત્ર તરફ દુર્લક્ષ સેવવાથી આપણ ને વ્યક્તિગત જીવનમાં આવું નુકશાન થવાની પૂરી શક્યતાઓ રહેલી છે.

**૨) સંસ્થાકીય નુકશાન -** એક એક વ્યક્તિના સમુહથી સંસ્થા બને છે તેમ આ SMVS સંસ્થા એટલે પૂ.સંતો, પૂ.પાર્ષદો, સાધકો, હરિભક્તોનો સમૂહ. હવે જો સંસ્થાના સભ્યોનો લક્ષ્ય અનાદિમુક્તની સ્થિતિ પામવાનો ન હોય તો સંસ્થાકીય બહુ મોટું નુકશાન આવે.

- સંસ્થા જે હેતુ માટે સ્થપાઈ છે તે હેતુ બદલાઈ જાય અર્થાત સંસ્થાનો માર્ગ ફંટાઈ જાય. સમયાંતરે સાપ ગયા અને લિસોટા રહ્યાં તેના જેવી પરિસ્થિતિ સર્જાય. સંસ્થા એની એ જ રહેશે, સંસ્થાનું નામ, ઓળખ, સંસ્થા, મંદિરો બધુ એનું એ જ રહે. પરંતુ સંસ્થાના સિદ્ધાંતો અને મુલ્યોનું પતન થઈ જાય. પરિણામે સંસ્થાના ધ્યેયો બદલાઈ જાય.
- બાહ્ય વિકાસના ધ્યેયો બંધાઈ જાય જેવા કે સંસ્થાને વિશ્વના ફલક ઉપર સારું સ્થાન પમાડવું, સંસ્થાની પ્રસિધ્ધિ અને વાહવાહમાં વધારો કરવો, સંસ્થાની આર્થિક સમૃધ્ધિ વધારવી, સંસ્થાના મંદિરો વધારવા, સંતો-હરિભક્તોની સંખ્યામાં વધારો કરવો, દેશ-વિદેશમાં પ્રચાર-પ્રસાર કરવો, આવા પરિણામે આયોજનો, મેનેજમેન્ટ બધું એ મુજબ જ ગોઠવાય. SMVS સંસ્થાનું સ્થાપન કારણને (મૂર્તિ) પામવા માટે છે તેના બદલે કાર્યપ્રધાન બની જાય અને સંસ્થાના મૂળ સિદ્ધાંતો-હેતુઓ નાશ પામે. એ જ સંસ્થાકીય સૌથી મોટું નુકશાન છે.

આ નુકશાન ન થાય તે માટે આ સિદ્ધાંતસુત્ર આપણા સૌના રગેરગમાં દ્રઢ હોવું જોઈએ.

**32. દસ ઈન્દ્રિયો કઈ કઈ છે ?**

⇒ પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો છે.

**33. પાંચ જ્ઞાનેન્દ્રિયો કઈ કઈ છે ?**

⇒ (૧) આંખ (નેત્ર) (૨) કાન (શ્રોત્ર)(૩) નાક (ઘ્રાણ)(૪) જીભ (રસના-જીહ્વા) (૫) ત્વચા (ત્વક્)

**34. પાંચ કર્મેન્દ્રિય કઈ કઈ છે ?**

⇒ (૧) વાક્ (વાણી-મોં) (૨) પાણિ (હાથ) (૩) પાદ્ (પગ) (૪) પાયુ (ગુદા-મળદ્વાર) (૫) ઉપસ્થ (શિશ્ન-મૂત્રદ્વાર)

**35. પંચભૂત કયા કયા છે ?**

⇒ (૧) પૃથ્વી (૨) જળ (૩) તેજ (૪) વાયુ (૫) આકાશ

નોંધ : આ પંચભૂત આ ક્રમમાં જ આવવા જોઈએ. કારણ કે પૃથ્વી એ જળના એક અંશમાંથી અને જળ એ તેજના એક અંશમાંથી અને તેજ એ વાયુના એક અંશમાંથી અને વાયુ એ આકાશના એક અંશમાંથી ઉત્પન્ન થાય છે.

**36. પંચ વિષય કયા કયા છે ? અથવા પંચ તન્માત્રા કઈ કઈ છે ?**

⇒ (૧) શબ્દ (૨) સ્પર્શ (૩) રૂપ (૪) રસ (૫) ગંધ

નોંધ : પંચ જ્ઞાનેન્દ્રિયે કરીને આ પાંચ પ્રકારના વિષય ભોગવાય છે.

જેમ કે, શ્રોત્ર (કાન)નો વિષય છે - શબ્દ, ત્વચા - સ્પર્શ, નેત્ર - રૂપ, જીહ્વા - રસ, ઘ્રાણ - ગંધ

**37. ત્રણ અવસ્થાઓ કઈ કઈ છે ?**

⇒ (૧) જાગ્રત (૨) સ્વપ્ન (૩) સુષુપ્તિ

**38. ત્રણ ગુણ કયા કયા છે ?**

⇒ (૧) રજોગુણ (૨) તમોગુણ (૩) સત્વગુણ

**39. ત્રણ દેહ કયા કયા છે ? સમજાવો.**

⇒ (૧) સ્થૂળ દેહ (૨) સૂક્ષ્મ દેહ (૩) કારણ દેહ

**સ્થૂળ દેહ** : હાડ માંસનો બનેલો, આ દેખાતો દેહ એનું નામ સ્થૂળ દેહ.

**સૂક્ષ્મ દેહ** : અંદર થતા સંકલ્પ વિકલ્પ તેને કહેવાય સૂક્ષ્મ દેહ.

**કારણ દેહ** : ઊંડે ઊંડે રહેલી જે વિષય ભોગવવાની ઇચ્છા તેને કારણ દેહ કહેવાય.

**મહાકારણ દેહ** : ઐશ્વર્યની ઈચ્છા રહે (રાગ રહે) તે મહાકારણ દેહ કહેવાય. દા.ત. અંતર્યામીપણું, વચનસિદ્ધિપણું.

**40. ચાર અંતઃકરણ કયા કયા છે ?**

⇒ (૧) મન (૨) બુદ્ધિ (૩) ચિત્ત (૪) અહંકાર

મનનું કાર્ય : સંકલ્પો કરવા તે
બુદ્ધિનું કાર્ય : નિશ્ચય કરવો તે
ચિત્તનું કાર્ય : ચિંતવન કરવું તે
અહંકારનું કાર્ય : અભિમાન કરવું તે

**41. દેહભાવ એટલે શું ? દેહાભિમાન એટલે શું ? દેહાધ્યાસ એટલે શું ? બીજા અન્ય શબ્દો કયા કયા છે ?**

⇒ આ દેખાતું શરીર એ જ હું છું એવું અનાદિકાળથી માની લીધેલ અજ્ઞાન એ જ 'દેહભાવ'. એ જ 'દેહાભિમાન' અને એ જ 'દેહાધ્યાસ.' દેહથી આત્મા જુદો છે પરંતુ અજ્ઞાને કરીને દેહને જ પોતાનું સ્વરૂપ માની લીધું છે. આવી ખોટી માનીનતાને જ દેહાભિમાન કહેવાય. એને જ દેહાધ્યાસ કહેવાય, માત્ર શબ્દો અલગ અલગ છે. વસ્તુતાએ આત્મા દેહથી જુદો છે.

બીજા અન્ય શબ્દો : મૂળ અજ્ઞાન, માયા, વાસના, સંસાર, જગત, કારણ શરીર, કુસંગ, અવરભાવ, આદિભાવ વગેરે.

**42. જીવ, આત્મા અને ચૈતન્યની વ્યાખ્યા આપો.**


⇒ જીવ : દેહમાં રહે તેને જીવ કહેવાય. દેહ સોતો જે આત્મા હોય તેને જીવ કહેવાય. એને અસત્ આત્મા કહેવાય.

આત્મા/ચૈતન્ય : દેહથી જૂદો પડે તેને આત્મા કહેવાય. એને જ ચૈતન્ય કહેવાય. એને સત્ આત્મા કહેવાય.

**43. દેહ અને આત્માની નોખી વિક્તી એટલે શું ?**

⇒ દેહ અને દેહમાં રહેનારો જીવ (આત્મા) તદન જુદા જ છે. એમ સમજવું તે દેહ અને આત્માની નોખી વિક્તી સમજ્યા કહેવાય. રોજબરોજના પ્રેક્ટિકલ જીવનમાં દેહ અને આત્માની વિક્તી નોખી રહે તે દેહ અને આત્માની વિક્તિ નોખી રાખી કહેવાય. દેહ અને આત્મા બન્ને જુદા જ છે તેને સમજવા માટે...


ઉદા.-૧. કેળુ :- કેળું જમવું હોય તો કેળા પરની છાલ કાઢવી જ પડે તો જ કેળું જમી શકાય. કેળાની છાલ એ કેળું નથી. કેળું અને છાલ બંને સ્વ-સ્વરૂપની દ્રઢત અલગ છે. કેળાનું સુખ લેવા માટે કેળાની છાલને કેળાથી અલગ કરવી ફરજિયાત છે. તેમ દેહ અને આત્મા બંને સંપૂર્ણ જુદા જ છે, જેમ કેળાને જમવા માટે ઉપરની છાલ કાઢવી જ પડે છે તેમ મૂર્તિનું સુખ લેવા માટે છાલરૂપી દેહભાવ ટાળવો અર્થાત્ દેહથી સમજણ વૃથા છે. આત્માને જુદો સમજવો અને જુદો રાખવો ફરજિયાત છે.








ઉદા.-૨. ચશ્મા અને બોક્સ :- ચશ્માંનું સુખ લેવા માટે ચશ્માંને બૉક્ષમાંથી અલગ કરવાં જ પડે. બૉક્ષ સોતાં ચશ્માં કદી પહેરી ન શકાય. વળી, ચશ્માં અને બૉક્ષ બંને જુદાં છે. બૉક્ષ એ તો માત્ર ચશ્માંને સાચવવાનું પાત્ર છે. બોક્ષ એ ચમાં નથી અને ચરમાં એ બૉક્ષ નથી. બોક્ષ અને ચરમાં બંને તદન વિભિન્ન વસ્તુ છે. તથા તે બંનેનાં ગુણધર્મો અને કાર્યો પણ જુદાં જ છે. તે જ રીતે દેહ એ આત્માને સાચવવાનું બોક્ષ છે. અને આત્મા એ ચશ્માંના સ્થાને છે. માટે આપણું સાચું (વાસ્તવિક) સ્વરૂપદેહ નથી. આત્મા છે.







ઉદા.-૩. દૂધની કોથળી :- દુકાને દૂધ લેવા કોઈ જાય તો દૂધની કોથળી જ આપે. પરંતુ કોથળી એ દૂધ નથી, એની અંદર છે તે દૂધ છે. કોથળી તો તેનું કવર છે. તેમ દેહ તે આત્માનું કવર છે. જેમ દૂધ અને કોથળી બન્ને જુદા છે. એવી રીતે દેહ અને આત્મા બેય જુદા છે.






**44. પુરૂષોત્તમરૂપપાત્ર થવું શા માટે ફરજિયાત છે ?**


⇒ જેમ એરપોર્ટથી વિમાનને ઊંચે આકાશમાં ઉડવું હોય તો રન-વે પર દોડવું ફરજિયાત છે. તેમ મહારાજ સાથે જોડાણ કરવા માટે સૌપ્રથમ આત્માથી દેહને જુદો કરવો ફરજિયાત છે.

- દેહ સોતો આત્મા મહારાજ સાથે ન જોડાઈ શકે કારણકે બંને તદ્દન વિજાતી છે. દેહ માયિક છે અને મહારાજ દિવ્યાતિદિવ્ય છે. જેમ કિલોમીટર અને રૂપિયા બંનેનો સરવાળો શક્ય જ નથી. તેમ દેહ સોતો આત્મા મહારાજ સાથે ન જોડાઈ શકે.
- દેહથી જુદો આત્મા પણ મહારાજ સાથે ન જોડાઈ શકે. કારણકે આત્મા નિરાકાર છે, મહારાજ સદા સાકાર છે. શ્રીજીમહારાજની દિવ્યાતિદિવ્ય મૂર્તિનું સુખ લેવા માટે આત્માનું સ્વરૂપાંતર કરી પુરૂષોત્તમરૂપ પાત્ર થવું ફરજિયાત છે. ઉદા., જેમ ડોલર અને રૂપિયાનો સરવાળો શક્ય નથી છતાં અશક્ય પણ નથી. જો સરવાળો કરવો હોય તો ડોલરનું રૂપિયામાં સ્વરૂપાંતર કરવું પડે.

ડોલર રૂપિયો





ડોલર અને રૂપિયાનો સરવાળો શક્ય જ નથી આત્મા નિરાકાર મહારાજ સદા સાકાર

આત્માનું મહારાજ સાથે જોડાણ શક્ય નથી.

- હવે આત્માને મહારાજ સાથે જોડાણ કરવા માટે પુરૂષોત્તમરૂપ પાત્ર થવું ફરજિયાત છે. જેનું સુખ લેવું હોય તેના જેવા થવું જ પડે. જેમ લીંબુનું પાણી સાથે સંમિશ્રણ ન થાય., લીંબુનો રસ કરવો ફરજિયાત છે. કારણકે લીંબુ ઘન પદાર્થ છે અને પાણી પ્રવાહી પદાર્થ છે. લીંબુનો રસ જ્યારે પાણી સાથે સંમિશ્રણ થાય ત્યારે જ શરબત બને છે.
- આમ, આત્માને મોટાપુરુષ વર્તમાન ધરાવી પુરૂષોત્તમરૂપપાત્ર કરે છે અને આત્મા પુરૂષોત્તમરૂપપાત્ર થાય ત્યારે જ મહારાજ સાથે જોડાઈ શકે છે.
- પુરૂષોત્તમરૂપપાત્ર થવાય ત્યારે જ મહારાજ સાથે જોડાઈ શકાય માટે પુરુષોત્તમરૂપપાત્ર થવું ફરજિયાત છે. આપણને પ્રાપ્તિએ કરીને અનાદિમુક્ત કર્યા છે એટલે કે મહારાજે મોટાપુરુષ દ્વારા દયા કરીને આત્માનું સ્વરૂપાંતર કરી દીધું છે પરંતુ સ્થિતિ બાકી છે.

**45. મારા ચૈતન્યને અનાદિમુક્ત કર્યો છે અને ચૈતન્યને(મને) અનાદિમુક્ત કર્યો છે આ બંનેમાં શું ફેર ?**

⇒ મારા ચૈતન્યને અનાદિમુક્ત કર્યો છે તે આપણે દેહભાવ સોતા બોલીએ છીએ એ આપણી ગેરસમજ છે. પરંતુ હું દેહ નથી દેહથી જુદો આત્મા છું અને મને જ અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે. આ ચૈતન્ય ભૂમિકામાં રહીને બોલ્યા કહેવાય એ સાચી સમજણ છે.

**46. નિમગ્ન થવું એટલે શું ?**

⇒ દેહના ભાવોથી વિરકત થઈ મૂર્તિ ભાવમાં આવી જવું. 'હું' પદ છોડીને 'હરિ' પદમાં આવી જવું.

**47. નિમગ્ન થવાના સ્ટેપ જણાવો.**

⇒ શાંત થવું → સ્થિર થવું → એકાગ્ર થવું → નિમગ્ન થવું.

**48. દિવસ દરમિયાન વારંવાર નિમગ્ન થવાથી શું શું ફાયદા થાય ? ( નિમગ્નપણું શા માટે ?)**

૧. હું કરું છું, મારે કરવાનું છે એને ભૂલીને શ્રીજીમહારાજનું કર્તાપણું રહે
૨. દેહભાવનો પ્રલય કરીને મૂર્તિભાવમાં આવી જવાય, અવરભાવનો પ્રલય કરીને પરભાવ દ્રઢ થાય
૩. સત્સંગની કે વ્યવહારની પ્રવૃત્તિમાં મહારાજનું જોડાણ વિસરી જવાયું હોય તો ફરીથી મહારાજમાં જોડાણ થાય.
૪. હાલતા-ચાલતા સર્વે ક્રિયામાં મૂર્તિનું અનુસંધાન રહે
૫. ત્રુટક ત્રુટક વૃતિના જોડાણથી મહારાજમાં અખંડ વૃતિનું જોડાણ થાય
૬. હું કોણ છું ? અને શા માટે આવ્યો છું ? તેના તરફ નિરંતર દ્રષ્ટિ રહે

**49. હરિભક્તોના પંચવર્તમાન કયા કયા છે ?**

⇒ (૧) દારૂ (૨) માટી (૩) ચોરી (૪) અવેરી (૫) વટલવું નહિ ને વટલાવવા નહીં.

**50. પૂ. સંતોના પંચવર્તમાન કયા કયા છે ?**

⇒ (૧) નિષ્કામ (૨) નિર્લોભ (૩) નિર્માન (૪) નિઃસ્નેહ (૫) નિઃસ્વાદ

**51. પંચવર્તમાન પાળવા શા માટે ફરજિયાત છે ?**

⇒ ૧. ઈન્દ્રિયોના આહાર શુદ્ધ કરવા માટે
૨. મૂર્તિમાં રહેવાની લાયકાત કેળવવા માટે (મરજીમાં રહેતા આવડે તેને જ મૂર્તિમાં રહેતા આવડે.)
૩. મહારાજને રાજી કરવા માટે

૪. રાજી કર્યાનો એક સરખો આગ્રહ રહે તે માટે
૫. અંદરના અને બહારના કુસંગથી બચવા માટે
૬. મળેલું જ્ઞાન, પદ, પ્રાપ્તિ, ગુરુની શોભા વધારવા માટે
૭. દેહના રોગોથી બચવા માટે
૮. ઈન્દ્રિયો-અંતઃકરણ પર સંયમ મેળવવા માટે

**52. અવરભાવ એટલે શું ?**

⇒ અવરભાવ એટલે માયિકભાવ, માયિક પદાર્થો અને વસ્તુઓ વડે થતી અનુભૂતિ માયિક જ હોય. જેથી માયિક એવા પંચભૂત આદિક સત્તાવન તત્ત્વોથી બનેલો આ મનુષ્યદેહ તે પણ માયિક જ છે, અને તેના દ્વારા થતી અનુભૂતિ પણ માયિક જ હોય. આમ, માયિક એવા ઈન્દ્રિયો અને અંતઃકરણે કરીને જે કાંઈ પણ જોવાય, સ્પર્શાય, સંભળાય કે ભોગવાય તેને કહેવાય અવરભાવ. આ અવરભાવ ખોટો છે, નાશવંત છે ને ક્ષણિક છે. તેથી, અવરભાવ એટલે અસત્ય. અવરભાવ એટલે ભ્રમણા. અવરભાવ એટલે નાશવંતપણું. અવરભાવ એટલે જૂઠ્ઠાણું. અવરભાવ એટલે તદ્દન ખોટું. અવરભાવ એટલે અજ્ઞાન. અવરભાવ એટલે અવાસ્તવિકતા.

જેમ કે, બેંકનો લખેલો ચેક દેખાય છે બીજા કાગળિયા જેવું કાગળિયું. છતાં આપણે એવું સમજીએ છીએ કે તે કાગળિયું નથી રૂપિયા જ છે. આમ ચેકમાં જે કાગળિયાનો ભાવ છે અથવા કાગળિયું દેખાય છે તેને કહેવાય અવરભાવ. એવી જ રીતે જે દેખાય છે પરંતુ સાચું નથી અને કાયમી નથી તેને કહેવાય અવરભાવ.

આમ, પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા આકારમાત્ર, પદાર્થમાત્ર તથા વ્યક્તિમાત્ર એ સર્વે અવરભાવ છે, માયિક છે - નાશવંત છે.

જેને શ્રીમુખે કહ્યું કે, "જે જે કાંઈ પાંચ ઈન્દ્રિયો ને ચાર અંતઃકરણે કરીને ભોગવવામાં આવે એવા વિષયભોગ છે તેને અતિશે તુચ્છ જાણ્યા છે, માટે એ કોઈ પદાર્થને વિષે આશ્ચર્ય પામે નહિ તથા બંધાય નહિ અને એને પાસે કોઈ આવીને એમ કહે જે, આ પદાર્થ તો બહુ જ રૂડું છે ત્યારે તેને એમ વિચારે હું ગમે તેવું સારું હશે પણ ઈન્દ્રિયો-અંતઃકરણે કરીને ગ્રહણ કર્યામાં આવે એવું હશે ને ! ઈન્દ્રિયો-અંતઃકરણના ગ્રહણમાં જે આવે તે તો અસત્ય છે, નાશવંત છે " જેને કહેવાય છે અવરભાવ.

**53. પરભાવ એટલે શું ?**

⇒ પરભાવ એટલે દિવ્યભાવ, અલૌકિકભાવ.

જે માયિક એવા ઈન્દ્રિયો અને અંતઃકરણ કરીને દેખાતું નથી, ભોગવાતું નથી, અનુભવાતું નથી, પમાતું પણ નથી. માત્ર સમજાય છે અને જે કાયમી છે તેને કહેવાય પરભાવ. તેથી, પરભાવ એટલે પરમ સત્ય.

પરભાવ એટલે કાયમી. પરભાવ એટલે વાસ્તવિકતા. પરભાવ એટલે પરમ સુખ.

પરભાવ એટલે અનુભવજ્ઞાન. આમ, પરભાવ અર્થાત્ દેખાય તે હોય નહિ અને હોય તે દેખાય નહિ તથા દેખાય જુદું અને સમજવાનું હોય જુદું.

જેમ કે 'ચેક' ખરેખર છે તો કાગળિયું જ. પરંતુ આપણે તેને રૂપિયા જ સમજીએ છીએ. ચેકમાં રૂપિયા દેખાતા નથી પરંતુ રૂપિયા જ સમય છે તેને કહેવાય પરભાવ. એવી જ રીતે જે દેખાતું નથી, માત્ર સમજાય છે પરંતુ એ જ સાચું છે અને કાયમી છે તેને કહેવાય પરભાવ.

આમ, શ્રીજીમહારાજની મૂર્તિ અને તેજનો સમૂહ જે અક્ષરધામ એને કહેવાય પરભાવ.

**54. ધ્યાનના પ્રકાર કેટલા અને કયા કયા છે?**

⇒ ધ્યાનના પ્રકાર ચાર છે.
(૧) સાંગ - વસ્ત્ર અલંકાર વિનાની મૂર્તિનું ધ્યાન
(૨) ઉપાંગ - વસ્ત્ર અલંકાર સહિતની મૂર્તિનું ધ્યાન
(૩) સલીલ - શ્રીજીમહારાજની કોઈ લીલાઓ સહિતનું ધ્યાન
(૪) સપાર્ષદ - મુક્તે સહિત શ્રીજીમહારાજનું ધ્યાન

**55. ધ્યાનનાં ચાર વિઘ્નો કયા કયા છે ?**

⇒ (૧) લય – નિંદ્રા (૨) કષાય - ઈર્ષ્યા, વેરઝેર (૩) વિક્ષેપ - ઘાટ-સંકલ્પ (૪) રસાસ્વાદ - પંચવિષયમાં આસક્તિ

**56. ધ્યાનની બે લટક કઈ કઈ છે ?**

⇒ (૧) અનુલોમ (૨) પ્રતિલોમ
(૧) અનુલોમ - મૂર્તિને સન્મુખ રાખી ધ્યાન કરવું તે.
(૨) પ્રતિલોમ - શ્રીજીમહારાજની મૂર્તિમાં રહી મૂર્તિનું ધ્યાન કરવું તે પ્રતિલોમ ધ્યાન કહેવાય.

**57. અબજીબાપાશ્રી ક્યાં અને ક્યારે પ્રગટ થયા ?**

⇒ કચ્છના બળદિયા ગામે સંવત ૧૯૦૧ના કારતક સુદ - ૧૧ના રોજ (પ્રબોધિની એકાદશી)

**58. ગુરુદેવ પ.પૂ.બાપજીનું પ્રાગટય ક્યાં અને ક્યારે થયું ?**

⇒ ગુરુદેવ પ.પૂ.બાપજીનું પ્રાગટય ગુજરાતમાં વિરમગામ તાલુકાના વાસણ ગામે, સંવત ૧૯૮૯ના ફાગણ વદ એકમ (૧૩-૩-૧૯૩૩)ના રોજ થયું .

**59. ગુરુદેવ પ.પૂ.બાપજીનું પૂર્વાશ્રમનું નામ તથા માતા-પિતાના નામ જણાવો.**

⇒ પૂર્વાશ્રમનું નામ દેવુભાઈ, પિતા - જેઠાભાઈ, માતા - ધોળીબાઈ

**60. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું પ્રાગટ્ય ક્યાં અને ક્યારે થયું ?**

⇒ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું પ્રાગટ્ય ગુજરાતમાં સાણંદ તાલુકાનાં દદુકા ગામે, સંવત ૨૦૧૫ના આસો સુદ દશમ (દશેરા) (૮-૧૦ -૧૯૫૯)ના રોજ થયું.

# અઠવાડિક વાર મુજબ પ્રાર્થના

## દૈનિક પ્રાર્થના

**● પ્રાર્થનાની પૂર્વશરત :**

(૧) વિશ્વાસપૂર્વક પ્રાર્થના કરવી.
(૨) પ્રગટભાવે પ્રાર્થના કરવી.
(૩) ગરજુ-ભૂખ્યા થઈને પ્રાર્થના કરવી.
(૪) અહમશૂન્ય થઈને પ્રાર્થના કરવી.

**વ્હાલા ગુરુજીની સમગ્ર સત્સંગ સમાજને આજ્ઞા**

શ્રીજીમહારાજ અને મોટાપુરુષને રાજી કરવા માટે દરરોજ મહારાજ અને મોટાપુરુષ આગળ એકાંતે બેસીને એક પ્રાર્થના ઉચ્ચ સ્વરે કગરીને કરવી તેમજ પ્રાર્થનાના આ સાત પદ અચૂક મુખપાઠ કરવા.

## પદ-૧ : સોમવાર

હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ,
પ્રાર્થના સ્વીકારો હો સુખધામ;
તમે અમારા, અમે તમારા,
કદી ન જોશો, વાંક-ગુનાને મારા.(૧)
સદા પ્રગટ છો દિવ્યાતિદિવ્ય,
મોટાપુરુષ સદા મનાય દિવ્ય;
સંતો-ભક્તો મુક્તો મનાયે,
અભાવ અવગુણ કદી ન લેવાયે..(૨)
તવ મરજીમાં વા'લા, નિત્ય રહેવાય,
ગમતું અમારું કદીયે ન થાય;
દેહને પોતાનું રૂપ ન મનાય,
મૂર્તિમાં રહું કૃપા કરો સદાય... (૩)

## પદ-૨ : મંગળવાર

હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ,
પ્રાર્થના સ્વીકારો હો સુખધામ;
જેવા છીએ તેવા તોયે તમારા,
આપ જ માત્ર આધાર હમારા. (૧)
દેહાભિમાને હુંકાર વ્યાપે,
વારે વારે માન-અપમાન લાગે;
ઘડીમાં રાજી, ઘડીમાં કુરાજી,
દીકરા તમારા છતાં છીએ પાજી.(૨)
ચાર ચાર જનમથી સાથે લવાય,
આપ કહો છો દળેલું દળાય;
મૂર્તિમાં રાખ્યા છે મૂર્તિમાં રહું,
કૃપા કરો હરિ કગરીને કહું. (૩)

## પદ-૩ : બુધવાર

હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ,
પ્રાર્થના સ્વીકારો હો સુખધામ;
અગણિત ભૂલો માફ કરી છે,
દયા દયા દયા દયા ધરી છે... (૧)
મોટા મોટાને તવ દર્શન નોય,
કારણ સત્સંગે અમે ક્યાંથી હોય?
જીવ મટાડી મુક્ત અનાદિ કીધા,
થોકડો ફેરવી મૂર્તિમાં લીધા... (૨)
હવે જગતનો જીવ નથી હું,
મૂર્તિસુખનો ભોક્તા જ છું હું;
અહો અહોપણું સદાય વર્તે,
કૃપા કરો આનંદ આનંદ પ્રવર્તે...(૩)

## પદ-૪ : ગુરુવાર

હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ,
પ્રાર્થના સ્વીકારો હો સુખધામ;
કોણ જાણે આ કેમ જ થયું ?
પણ થયું થયું થયું જ થયું... (૧)
જે હેતુ માટે આપ જ આવ્યા,
મોટાપુરુષને સંકલ્પે લાવ્યા;
અતિ કૃપાએ દિવ્ય સંગ લીધા,
ફોગટમાં હરિ ફવડાવી દીધા... (૨)
મોટાપુરુષને કરું અતિ રાજી,
ઓશિયાળા કરી ન કરું કુરાજી;
જીવનું જીવન બનાવું પ્યારાને,
મહિમાથી ભરી ઘો હરિ તમે મને. (૩)

## પદ-૫ : શુક્રવાર

હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ,
પ્રાર્થના સ્વીકારો હો સુખધામ;
મૂર્તિ તમારી છે ઠરવાનું ઠામ,
અનાદિમુક્તોને રહેવાનું ધામ... (૧)
સર્વે ક્રિયામાં રહે એક તાન,
મૂર્તિમાં રહીએ બની ગુલતાન;
હરતા ફરતા સર્વે ક્રિયામાં,
જાણપણે રહું મૂર્તિ માળામાં... (૨)
મૂર્તિ જ લક્ષ્ય, મૂર્તિ આધાર,
બને કૃપા કરો અનરાધાર;
મૂર્તિ સંબંધે ટાઢુ ટાઢુ થાય,
કરુણા કરો હરિ દુઃખમાત્ર જાય.(૩)

## પદ-૬ : શનિવાર

હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ,
પ્રાર્થના સ્વીકારો હો સુખધામ;
દેહધારી જીવની શું છે તાકાત ?
નહોતી મુજની કાંઈ લાયકાત...(૧)
આત્માથી દેહને નોખો કરી નાખ્યો,
મૂર્તિરૂપ કરી મૂર્તિમાં રાખ્યો;
પ્રતિલોમ ભાવે પોતે પધારે,
કેવળ કૃપાએ સ્વ બિરુદ પાળે..(૨)
સર્વે ક્રિયામાં હવે આપ જ કર્તા,
સદા સર્વદા બની રહું અકર્તા;
મહારાજ મહારાજ મહારાજ થાય,
દિવ્ય સ્વરૂપમાં પાગલ બનાય...(૩)

## પદ-૭ : રવિવાર

હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ,
પ્રાર્થના સ્વીકારો હો સુખધામ;
આપ મળ્યા છો ભવ્યાતિભવ્ય,
કરુણા સાગર છો દિવ્યાતિદિવ્ય.(૧)
મોટાપુરુષ મળ્યા પરભાવીરૂપ,
કર્યા અમોને મૂર્તિ સ્વરૂપ;
એક બેને નહિ અનંતને કર્યા,
કેવા પ્રચંડ છે અનંતને ભર્યા... (૨)
દાસનો દાસ બની રહું સદા,
કોઈનો અભાવ ન લઉં કદા;
અહોહોપણામાં ડુબેલો રહું,
કૃપા કરો દિવ્ય લાગે જ સહું ... (૩)